


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૮૨ | ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬, સોમવાર ; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# અંકુશ રેખા પર ચાર આતંકવાદી ઠાર

## ભીષણ અથડામણમાં ૪ ત્રાસવાદી મોતને ઘાટ : હથિયારો જપ્ત કરાયા : નૌગામ સેક્ટરમાં ઘુસણખોરીનો પ્રયાસ કરાતા સલામતી દળોએ જડબાતોડ જવાબ આપ્યો : ત્રાસવાદીઓ સાથે બે એન્કાઉન્ટરમાં પોલીસ જવાન શહીદ



જમ્મુ, તા. ૧૧

જમ્મુ કાશ્મીરના નૌગામ સેક્ટરમાં અંકુશરેખા નજીક સેનાએ આજે ઘુસણખોરીના એક મોટાના પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો હતો. આમા ચાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. ઠાર થયેલા આતંકવાદીઓની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટકોનો જથ્થો મળી આવ્યો હતો. સેનાના એક અધિકારીએ માહિતીઆપતા કહ્યું છે કે, નૌગામ સેક્ટરમાં અંકુશ રેખા પર સાવધાન રહેલા જવાનોએ ત્રાસવાદીઓની ગતિવિધિ નિહાળી હતી. ત્રાસવાદીઓને શરણાગતિ સ્વિકારવા પડકાર ફેંકવામાં આવતા આ ત્રાસવાદીઓએ સુરક્ષા જવાનો ઉપર ગોળીબાર શરૂ કર્યો હતો. સેનાના જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરતા ચાર ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઘટનાસ્થળથી યુદ્ધની તૈયારી જેવા સ્ટોરનો જથ્થો મળી આવ્યો હતો. વધુ શોધખોળ ચાલી રહી છે. આ વિસ્તારમાં અન્ય ત્રાસવાદીઓ હોવાના અહેવાલ પણ શરૂઆતમાં મળ્યા હતા જેના લીધે ત્રાસવાદ વિરોધી ઓપરેશન હાથ

● અનુસંધાન પાન-૭ પર

## ઝડપી બોલર પ્રવિણકુમાર સમાજવાદી પાર્ટીમાં જોડાયા

લખનૌ, તા. ૧૧

ભારતીય ક્રિકેટ ટીમના એક હિસ્સા તરીકે રહેલા ઝડપી બોલર પ્રવિણ કુમારે હવે રાજનીતિની વિકેટ ઉપર એન્ટ્રી કરી લીધી છે. આજે પ્રવિણ કુમારે સમાજવાદી પાર્ટી સાથે હાથ મિલાવી લીધા હતા. મૂળ રીતે મેરઠના નિવાસી ૨૯ વર્ષીય ક્રિકેટર લખનૌમાં મુખ્યમંત્રી અખિલેશ યાદવની હાજરીમાં સમાજવાદી પાર્ટીમાં સામેલ થઈ ગયો હતો. તે આ વર્ષે આઈપીએલ લીગમાં ગુજરાત લાયન્સ તરફથી રમી ચુક્યો છે.

# દેશમાં દરેક ૧૫ પરિવાર દીઠ એક દુકાન છે : સર્વે

## રિટેલ કારોબારમાં સતત વધારો થઈ રહ્યો છે : હાલમાં ભારતમાં ૧.૯ કરોડ રિટેલ શોપ્સ છે : રિટેલમાં હાલ ૨.૭ કરોડ લોકો રોજગારી મેળવી રહ્યા છે : રિપોર્ટ



નવીદિલ્હી, તા. ૧૧

ભારતમાં રિટેલ શોપ્સની સંખ્યા સતત વધી રહી છે. આનું મુખ્ય કારણ ભારતીયોના ઉદ્યોગ સાહસિકોમાં ઝડપથી વધી રહેલો વિશ્વાસ પણ કારણરુપ છે. આંકડા દર્શાવે છે કે, દેશમાં હાલમાં ૧.૯ કરોડ રિટેલ શોપ્સ છે. એટલે કે દરેક ૧૫ પરિવાર માટે એક દુકાન છે. કોઈપણ અર્થતંત્રની મજબૂતી માટે મેન્યુફેક્ચરિંગને હંમેશા મહત્વપૂર્ણ ગણવામાં આવે છે પરંતુ એક કરોડ યુનિટની સાથે ભારતમાં આ રિટેલ બાદ બીજા સ્થાન ઉપર છે. અલબત્ત નોકરી આપવાના મામલામાં તે રિટેલ સેક્ટર કરતા આગળ છે. મેન્યુફેક્ચરિંગમાં દેશની ત્રણ કરોડ વસતી કામ કરે છે જ્યારે રિટેલ સેક્ટરમાં ૨.૭ કરોડ લોકો રોજગારી મેળવી રહ્યા છે.

# પીએફ વ્યાજદર ઘટાડી ૮.૬ ટકા કરવા તખ્તો તૈયાર

## ચાર કરોડ પીએફ ખાતા ધારકોને ઓછું વ્યાજ મળશે : શ્રમ મંત્રાલય રેટમાં કાપ મુકવા અંગે નાણાં મંત્રાલયની સલાહ મુજબ ચાલવા તૈયાર : કર્મચારી સંગઠનોમાં ફરી એકવખત નારાજગી ફેલાય તેવી સંભાવના

નવીદિલ્હી, તા. ૧૧

દેશના આશરે ચાર કરોડ પીએફ ખાતા ધારકોને નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં પોતાની જમા રકમ ઉપર ૮.૬ ટકાના વ્યાજથી જ સંતોષ માનવાની ફરજ પડી શકે છે. કેન્દ્રીય શ્રમ મંત્રી બંદારુ દત્તાત્રેય દ્વારા આ અંગેનો સંકેત આપી દેવામાં આવ્યો છે. કેન્દ્રીય શ્રમમંત્રાલયે નાણા મંત્રાલયના સૂચનને માનવાની સાથે જ વ્યાજદરમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. નાણામંત્રાલયના સૂચનને શ્રમ મંત્રાલય સ્વિકારવા માટે સજ્જ છે અને તૈયારી પણ દર્શાવી દીધી છે. આનો મતલબ એ થયો કે, ચાર કરોડ પીએફ ખાતા ધારકોને ૮.૬ ટકાનો વ્યાજદર મળશે. નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં શ્રમ મંત્રાલયે પીએફ ખાતા ધારકોને ૮.૮ ટકાના વ્યાજદરે ચુકવણી કરી હતી જ્યારે નાણા મંત્રાલયે આને ઘટાડીને ૮.૭ ટકા કરવાની ભલામણ કરી હતી. આ મામલા અંગે માહિતી ધરાવનાર સૂત્રોએ કહ્યું છે કે, નાણામંત્રાલય તરફથી શ્રમ મંત્રાલયને સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે, તે ઈપીએફની વ્યાજદરને તેના દ્વારા સંચાલિત અન્ય બચત યોજનાઓની સમકક્ષ રાખવામાં આવે. બંને મંત્રાલયો વચ્ચે આ વર્ષે પીએફના વ્યાજદરને ઘટાડી દઈને ૮.૬ ટકા કરવાના મુદ્દા ઉપર સહમતિ થઈ હતી. સૂત્રોનું કહેવું છે કે, ઈપીએફઓએ વર્તમાન નાણાંકીય વર્ષમાં થનાર આવકને લઈને હજુ સુધી કોઈ અંદાજ મુક્યો નથી. ઈપીએફના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી આવકના અંદાજના આધાર પર વ્યાજદર નક્કી કરવાનું કામ કરે છે. આ બોર્ડ જ નાણાંકીય વર્ષમાં જમા રકમ ઉપર વ્યાજદર નક્કી કરે છે. જેને તેની ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરી બોડી દ્વારા મંજુરી આપવામાં આવે છે. નાણામંત્રાલય સાથે જોડાયેલા એક અધિકારીએ માહિતી આપતા કહ્યું

● અનુસંધાન પાન-૭ પર





# અંબાજીના આંગણે માનવ મહેરામણ ઉમટ્યો

## બીજા દિવસે બપોર સુધી બે લાખથી વધુ શ્રદ્ધાળુ પહોંચ્યા બીજા દિવસે દાગીના સ્વરુપે ૪૧ ગ્રામ ૭૬૦ મિલીગ્રામ સોનું ભેંટમાં આવ્યું : હજારો બસની પણ વ્યવસ્થા કરાઈ

અમદાવાદ, તા.૧૧

ભાદરવી પૂનમ મેળાની અંબાજીમાં ધાર્મિક માહોલ વચ્ચે શરૂઆત થયા બાદ આજે બીજા દિવસે પણ જોરદાર ધસારો જોવા મળ્યો હતો. પૂનમ મહામેળાના બીજા દિવસે સાંજે ૪.૩૦ વાગ્યાના ગાળા સુધી જ ૨૯૯૩૨૫ જેટલા શ્રદ્ધાળુઓની સંખ્યા નોંધાઈ ગઈ હતી. ૧૦મી તારીખે યાત્રીઓની સંખ્યા ૧૩૫૭૭૮ નોંધાઈ હતી જ્યારે પાંચ ૫૪૫૦ બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. આજે બીજા દિવસે સાંજે ૪.૩૦ વાગ્યા સુધી ૨૪૬૪૦ બસ જોવા મળી હતી. જ્યારે એસએમએસની સંખ્યા ૨૦૧૯૮૩ નોંધાઈ હતી. આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી ભારદવી પૂનમ મહામેળા સાથે જોડાયેલા લોકો અને અધિકારીઓ તરફથી આપવામાં આવેલી માહિતી મુજબ આજે રવિવારના દિવસે ભાદરવી પૂનમ મેળાના બીજા દિવસે ૨૯૯૩૨૫ જેટલા શ્રદ્ધાળુઓ સાંજે ચાર વાગ્યા સુધી નોંધાઈ ગયા હતા. બીજી બાજુ ભોજન પ્રસાદ કરનાર યાત્રીઓની સંખ્યા સાંજે ત્રણ વાગ્યા સુધીના આંકડા મુજબ ૪૯૮૫૮ જેટલી નોંધાઈ હતી. આવી જ રીતે



બીજા દિવસે ૩૨૯૨૪૨૫ રૂપિયાની આવક થઈ હતી. આ ઉપરાંત ૨૭૮૧૨૨૧ રૂપિયાની બેંક આવક થઈ હતી. ધજારોહણની સંખ્યા ૩૨૧ નોંધાઈ હતી. આંકડા મુજબ આજે ભાદરવી પૂનમ મેળાના બીજા દિવસે દાગીના સ્વરૂપે ૪૧ ગ્રામ ૭૬૦ મિલીગ્રામ સોનું ભેટમાં આવ્યું હતું.

# ભાવનગરમાં પાટીદારો અને પોલીસ વચ્ચે ઘર્ષણથી સર્જાયેલી તંગદીલી

ભાવનગર, તા.૧૧

ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ અને ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના જન્મદિવસે યોજાયેલ કાર્યક્રમમાં પાટીદાર અનામત સમિતિના કેટલાક કાર્યકરોના ટોળાએ સૂત્રોચ્ચાર અને ધમાલ કરતા અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. કાર્યક્રમને ખોરંભે પાડવાના ભાગરૂપે પાટીદાર અનામત આંદોલનના કાર્યકરોએ ભારે સૂત્રોચ્ચાર કરતા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. લાઠીચાર્જમાં કેટલાક કાર્યકરોને નાની-મોટી ઈજા થતાં વાતાવરણમાં ગરમાવો સર્જાયો હતો.

ભાવનગરની હોસ્પિટલ ખાતે પાટીદાર સમાજના ટોળેટોળા ઉમટ્યા હતા. આ ઝપાઝપીમાં બે મિડિયા કર્મીઓને પણ ઈજાઓ થઈ હતી.

પાસના અગ્રણી રેશ્મા પટેલ પણ તાબડતોબ ભાવનગર પહોંચ્યા હતા. મોડીરાત્રે જાણીતા એડવોકેટ બાબુભાઈ મંગુકીયા ભાવનગર દોડી આવ્યા હતા. પાટીદાર અગ્રણીઓને એક અવિધિસરની બેઠકમાં વહીવટી તંત્રને આવેદનપત્ર આપવાનો નિર્ણય કરાયો હતો અને આવતીકાલે બંધનું એલાન અપાયું છે.



# અમદાવાદની ૬૨૭ હોસ્પિટલને ઓનલાઈન કરી દેવામાં આવી

## હોસ્પિટલા જન્મ-મરણનો ડેટા કોર્પોરેશન સાથે ઓનલાઈન શેર કરે છે :અરજદાર ઓનલાઈન સર્ટીફિકેટ જોઈ શકે છે

અમદાવાદ, તા.૧૧

સ્માર્ટસિટી પ્રોજેકટ હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વધુએક સિધ્ધિ મેળવવામા આવી છે.જેમાં શહેરમાં કાર્યરત એવી નાની -મોટી મળીને કુલ ૬૨૭ જેટલી હોસ્પિટલોને ખાસ પ્રકારના સોફટવેરની મદદથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જન્મ અને મરણ વિભાગ સાથે ઓનલાઈન કનેકટિવિટીથી જોડી દેવામાં તંત્રને સફળતા મળી હોઈ આ હોસ્પિટલો દ્વારા તેમને ત્યાં થતા કોઈપણ જન્મ કે મરણ અંગેનો તમામ ડેટા મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે સીધો ઓનલાઈન શેર કરવામાં આવી રહ્યો છે.આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર,અમદાવાદ શહેરમાં નાની-મોટી મળીને કુલ ૬૨૭ જેટલી હોસ્પિટલો આવેલી છે,જેમાં નર્સિંગહોમનો પણ સમાવેશ થાય છે.રજિસ્ટાર બર્થ એન્ડ ડેથ ડો.અમિત વેગડાએ સંપૂર્ણ સમાચાર સેવા સાથેની ખાસ વાતચીતમાં કહ્યું છે કે,શહેરીજનોને જન્મ કે મરણના સર્ટીફિકેટ લેવા માટે જે લાંબી પ્રક્રીયામાંથી પસાર થવું પડતું હતુ તેનો હવે ટૂંકસમયમાં જ અંત આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ તમામને ઓનલાઈન કનેકટિવિટીથી સાંકળી લીધી હોઈ હવે શહેરમાં હોસ્પિટલોમાં થતા કોઈપણ જન્મ કે મરણની નોંધ સીધી ઓનલાઈન મ્યુનિ.તંત્રને મળી જાય છે.








